DATE :- 27/09/2026

SANDESH, PAGE-05, SURAT

# સારોલીથી અંત્રોલી વચ્ચે મેટ્રો દોડાવવા કવાયત

। સુરત ।

શહેરીજનોને ઝડપી ટ્રાન્સપોર્ટની સુવિધા મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલા મેટ્રો પ્રોજેક્ટના રૂટ લંબાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત હાલ એરપોર્ટ સુધી મેટ્રોનો રૂટ લંબાવવા માટેની શક્યતાઓ તપાસવામાં આવી રહી છે. આ દરમિયાન સારોલીથી અંત્રોલી સુધી મેટ્રો રૂટ લંબાવવા માટેનો નિર્ણય લેવાયો છે અને તે માટે ટેન્ડર પર બહાર પાડવામાં આવ્યું છે.

જાણવા મળેલી માહિતી મુજબ મેટ્રોના યાત્રીઓને બુલેટ ટ્રેન સુધી કનેક્ટિવિટી મળી રહે તેમજ બુલેટ ટ્રેન સ્ટેશન પર ઉતરનારાઓ સરળતાથી તેમની મંજિલ સુધી પહોંચી શકે તે માટે સારોલી મેટ્રો સ્ટેશનથી અંત્રોલી બુલેટ સ્ટેશન સુધી મેટ્રોનો રૂટ લંબાવવા માટે થોડા સમય પહેલા નિર્ણય લેવાયો હતો. કુલ ૪.૪ કિમીના એલીવેટેડ રૂટ પર કલ્પતરૂ મેટ્રો સ્ટેશન, અંબાબા કોલેજ મેટ્રો સ્ટેશન અને સુરત હાઇ સ્પીડ રેલ રેલ ત્રણ સ્ટેશન ડેવલપ કરાશે. ૩૫૬ કરોડ રૂપિયાના બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં એલિવેટેડ વાયડક્ટની સાથે ઇલેક્ટ્રિક અને મિકેનિકલ કાર્યો પણ શામેલ કરાયા છે. આ તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થાય બાદ આગળની પ્રોસેસ હાથ ધરાશે.